અર્હં નમઃ

# પ્રસ્તાવના

જૈનદર્શનમાં ઈશ્વરને કર્તા માન્યો નથી, પણ ભક્તિભાવથી ઈશ્વરને કર્તા જરૂર કહ્યો છે. સ્તવનોમાં અનેક કડીઓ એવી આવતી હોય છે કે જેમાં 'પ્રભુ કર્તા છે' એવો ભાવ પ્રગટ થાય. પરંતુ એ માત્ર ભક્તિભાષા સમજવી.

- તું હિ ભ્રાતા, તું હી ત્રાતા... તું હી જગતારણહાર...
- જસ કહે સાહિબે મુક્તિનું તિલક કર્યું નિજ હાથે...
- સિદ્ધા સિદ્ધિં મમ દીસંતુ...

આવા તો સેંકડો વાક્યો મળે.

આ ગીતની ભૂમિકામાં એ પદાર્થ સ્પષ્ટ કરેલો જ છે કે 'પ્રભુ સાક્ષાત સુખ કે દુઃખ, ગુણ કે દોષ આપતા જ નથી. પણ એમના વચનોને પાળો તો સુખ ! ન પાળો તો દુઃખ ! એ રીતે પરંપરાએ પ્રભુને સુખાદિના કારણ માની શકાય.'

ઉપરવાળો એટલે વ્યવહારમાં ભગવાન ! હકીકતમાં ભગવાનની આજ્ઞા પાળવાથી ઉત્પન્ન થયેલ પુણ્ય અને તોડવાથી ઉત્પન્ન થયેલ પાપ એ જ ભગવાન !

સુંદર મઝાનું ગીત છે... સૌ સાંભળો...

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ગુરુદેવશ્રી ચંદ્રશેખરવિજય મ.નો શિષ્ય

ગુણહંસ વિજય

તા. ૧૯/૦૭/૨૦૨૨

વિશાખાપટ્ટનમ્, (A.P.)

# ભૂમિકા

જૂના જમાનામાં ટી.વી. વગેરે ન હતા, લોકો મનોરંજન માટે કઠપુતળીનું નાટક જોતા. કઠ = કાષ્ઠ = લાકડું... પુતળી = સ્ત્રી–પુરુષ વગેરે આકારના સ્ટેચ્યુઓ...

લાકડામાંથી બનાવવામાં આવેલા આવા સ્ટેચ્યુઓ એનું નામ **કઠપુતળી !**

એક સ્ટેજ તૈયાર કરવામાં આવતો, લોકો સ્ટેજની સામે બેસી જતા, સ્ટેજ ઉપર એક પડદો રહેતો, પડદા પાછળ આર્ટીસ્ટો = કલાકારો રહેતા... પડદાની આગળ સ્ટેજ ઉપર કઠપુતળીઓ રહેતી. એમના હાથ–પગ–માથા વગેરેમાં દોરી બાંધેલી રહેતી, એ દોરીનો બીજો છેડો પડદાની પાછળ રહેલા કલાકારોના હાથમાં રહેતો. કઠપુતળીઓની રચના જ એવી રહેતી કે કલાકારો દોરીના આધારે એમને આગળ–પાછળ કરી શકતા, ઉપર–નીચે કરી શકતા.

ધારો કે રામ–રાવણની પુતળી હોય, તો કલાકારો દોરી ખેંચીને બંનેને નજીક લાવતા, પછી હાથ પરની દોરી ખેંચે એટલે એમના તલવારવાળા હાથ ઉંચા થતા, પછી બંને લડતા, પછી રાવણવાળી દોરી ઢીલી છોડે, એટલે રાવણ–પુતળી સ્ટેજ પર પડી જતી, એનો અર્થ એ કે રાવણ મરી ગયો.

કલાકારો પડદા પાછળ ઉભા રહેતા, તેઓ દેખાતા નહિ, પણ એમની આંગળીઓ દેખાતી, એ આંગળીઓના પ્રતાપે જ આ આખો ખેલ ચાલતો.

જે શબ્દો બોલવાના હોય એ કલાકારો જ બોલતા. પુતળીઓ તો બિચારી શું બોલે ?

આ છે **કઠપુતળીનો સાર !**

આમાં **ધ્યાનમાં** લેવા જેવી વાતો...

(૧) કઠપુતળી જડ છે, એ સ્વયં ચાલતી–કુદતી–દોડતી નથી.... બોલતી નથી.

(૨) કલાકારો ચેતન છે, તે જ કઠપુતળીઓને ચલાવે, કુદાવે, દોડાવે છે, પુતળીની જગ્યાએ પોતે બોલે છે.

(૩) પુતળીઓનું કશું જ ચાલતું નથી...

(૪) કલાકારોને ખબર છે કે કઈ પુતળીનો ક્યો રોલ છે, પછી કલાકારો એ રોલને ધ્યાનમાં રાખીને એને ચલાવે–દોડાવે છે...

(૫) જૈનેતરો કલાકાર એટલે ભગવાન લે છે, પુતળી એટલે દુનિયાના લોકોને લે છે.

(૬) જૈનધર્મ કલાકાર એટલે ભગવાન નહિ, પણ કર્મોને લે છે, પુતળી એટલે જગતના જીવો...

(૭) જૈનધર્મના અનેકાન્તવાદને આધારે કલાકાર તરીકે ભગવાન પણ લઈ શકાય છે. તે આ પ્રમાણે...

ભગવાને કહ્યું કે *'અહિંસાદિનું પાલન કરો, તો પુણ્યકર્મનો બંધ થાય...'* લોકોએ અહિંસાદિ પાળ્યા, એનાથી પુણ્ય બંધાયું, એટલે આ પુણ્યની પાછળ આમ તો ભગવાન જ કામ કરે છે. એટલે પુણ્યકર્મ = ***ભગવાન...*** એમ ઉપચારથી લેવાય.

એટલે કે પુણ્યકર્મે મને સુખ આપ્યું... = **ભગવાને મને સુખ આપ્યું** એમ બોલાય...

ભગવાને કહ્યું કે *'હિંસાદિથી પાપ બંધાય, માટે હિંસાદિ ન કરવા.'* આમ છતાં જેઓએ હિંસાદિ કર્યા, તેઓએ પાપ બાંધ્યા. અહીં જો કે ભગવાને તો હિંસાદિની ના જ પાડેલી, છતાં બધાએ હિંસાદિ કર્યા, એટલે કે ભગવાનના કીધા પ્રમાણે કરવાથી પાપ નથી આવ્યું, પણ ન કીધા પ્રમાણે કરવાથી પાપકર્મ આવેલું છે. એટલે ભગવાન આ પાપકર્મમાં કારણ નથી, છતાં પણ આ જે પાપકર્મ આવેલું છે, એ પ્રભુના વચન પ્રમાણે જ આવેલું છે, માટે આ પાપકર્મ પણ અપેક્ષાએ પ્રભુ થકી આવેલું ગણીએ, તો આ **પાપકર્મ એટલે ભગવાન !**

(૮) જૈનેતરો કહેશે *'પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે સુખ–દુઃખ આપે છે, આપણું કશું નથી ચાલતું...'*

(૯) જૈનો કહેશે કે *'આપણે જ બાંધેલા કર્મો આપણને સુખ–દુઃખ આપે છે, ત્યાં આપણું કશું જ નથી ચાલતું.'*

(૧૦) કર્મો સામે આપણું કંઈ ન ચાલે, એ વાતમાં પણ એકાંત નથી, કર્મો બે પ્રકારના છે (A) **નિકાચિત કર્મ**, (B) **અનિકાચિત કર્મ**... અતિતીવ્રતા સાથે કરાયેલા પાપથી જે કર્મ બંધાય તે **નિકાચિત કર્મ !** અને તીવ્ર–મધ્યમ–મંદ ભાવો સાથે કરાયેલા પાપથી જે કર્મો બંધાય તે **અનિકાચિત કર્મ !**

જે **નિકાચિત કર્મો** છે તેની સામે આપણું કંઈ જ ન ચાલે, આપણે ગમે એટલો પુરુષાર્થ કરીએ, તો પણ એ કર્મો તો પોતાનું ફળ આપે જ, આપણે એ ફળ ભોગવવું જ પડે.

આવા **નિકાચિત કર્મો** માટે આપણે બોલવું જ પડે કે *'કર્મો સામે આપણું કંઈ જ ન ચાલે...'* ત્યાં આપણે સમજી લેવું કે આવા **નિકાચિત કર્મો** આપણને નચાવે, અને આપણે **કઠપુતળી**ની જેમ નાચીએ. આપણું ત્યાં કંઈ જ ન ચાલે.

પણ અનિકાચિત કર્મો માટે આવું નથી, એને તો આપણે પુરુષાર્થ દ્વારા ખતમ કરી શકીએ છીએ.

**(૧૧)** આ વાત આપણે દૃષ્ટાંત દ્વારા સમજીએ...

રોગ બે પ્રકારના છે : (A) **સાધ્ય** = દવાથી દૂર કરી શકાય એવો = નિવાર્ય.

(B) **અસાધ્ય** = દવાથી પણ દૂર ન કરી શકાય તેવો = અનિવાર્ય...

**દા.ત.** મેલેરીયા રોગ દવાથી દૂર થઈ શકે એમ છે, તો એ **સાધ્ય** રોગ ગણાય, ત્યાં આપણે મહેનત દ્વારા રોગને દૂર કરી શકીએ છીએ...

પણ ડાયાબિટીસ, ત્રીજા સ્ટેજનું કેન્સર... આ બધા રોગો ગમે તેટલી દવા કરો, તોય મટતા નથી... એટલે એને **અસાધ્ય** રોગ કહીએ છીએ. આવા અસાધ્ય રોગ સામે આપણું કંઈ જ ન ચાલે.

બસ, એજ રીતે અનિકાચિત કર્મો મેલેરિયા જેવા છે, એને આપણે સારા પુરુષાર્થ દ્વારા દૂર કરી શકીએ છીએ, અને નિકાચિત કર્મો ત્રીજા સ્ટેજના કેન્સર જેવા છે, એને આપણે પુરુષાર્થ દ્વારા દૂર કરી શકતા નથી, એ તો ભોગવવા જ પડે છે... ત્યાં આપણું કંઈ જ ન ચાલે.

**(૧૨)** મેલેરીયા માટે પણ બે વિકલ્પ છે, એ દૂર કરી શકાય એવો છે, પણ જો આપણે દવા જ ન લઈએ, ઓછી દવા લઈએ, ઉંધી દવા લઈએ, તો તો એ પણ દૂર નહિ જ થાય ને !

એમ અનિકાચિત કર્મો માટે પણ બે વિકલ્પ છે, એ દૂર કરી શકાય એવા તો છે, પણ જો આપણે એને દૂર કરવાનો સાચો પુરુષાર્થ કરીએ તો દૂર થાય, જો આપણે સાચો પુરુષાર્થ બિલકુલ ન કરીએ, **અથવા** ઓછો કરીએ, **અથવા** ઉંધો પુરુષાર્થ કરીએ તો તો એ અનિકાચિત કર્મ પણ દૂર નહિ જ થાય.

એ કર્મો દૂર નથી થયા, એટલા માત્રથી એ નિકાચિત ન કહેવાય, એ કહેવાય તો અનિકાચિત જ પણ ત્યાં આપણા પુરુષાર્થની ખામી !

**(૧૩)** જે નિકાચિત કર્મો છે એ ભોગવવા તો પડે જ, છતાં એના ભયાનક નુકસાનોને કંટ્રોલમાં તો રાખી શકાય. દા.ત. ડાયાબિટીસ, ત્રીજા સ્ટેજનું કેન્સર... આ રોગો મટવાના નથી, પણ ઈન્સ્યુલિન વગેરે દ્વારા એને કંટ્રોલમાં રાખી શકીએ.

એમ નિકાચિત કર્મોનું ફળ તો ભોગવવું પડે, પણ ત્યારે સહન કરીએ, આર્તધ્યાન ન કરીએ, કોઈના ઉપર તીવ્રકષાય ન કરીએ, તો એના ભવિષ્યમાં નવા ભયાનક નુકસાનો ભોગવવા ન પડે...

**(૧૪) અનિકાચિત કર્મોના દૃષ્ટાંત (૧)** ભરત–બહુબલીએ એ જ ભવમાં હજારો–લાખો –કરોડોની હત્યા કરી અને કરાવી, પણ એમણે બાંધેલા કર્મો અનિકાચિત હતા, એટલે એમણે પોતાના શુભભાવો દ્વારા એ કર્મોને તોડી નાંખ્યા એમને કોઈ કુફળ ન મળ્યું.

એમ દૃઢપ્રહારી,અર્જુનમાળી, કામલતા વગેરે અનેકોના દૃષ્ટાંતો છે, એમણે ઘણા પાપો કર્યા છે, પણ કર્મો બાંધ્યા છે અનિકાચિત... અને એ એમના સુંદર ભાવો દ્વારા ખતમ થયા છે.

**(૧૫) અનિકાચિત કર્મોના દૃષ્ટાંત (૨)** લક્ષ્મણાએ ગંદા વિચાર કરીને જે કર્મ બાંધ્યું, તે નિકાચિત ન હતું, અનિકાચિત હતું. પરંતુ એનો પશ્ચાત્તાપ વગેરે શુભભાવો એને ન આવ્યા, અને માટે જ એ કર્મ એણે ભોગવવું પડ્યું.

એમ, સીતાએ સાધુ પર આરોપ મુક્યો, કલાવતીએ પંખીની પાંખો કાપી, મરિચિએ ઉત્સૂત્ર બોલ્યું... આવા આવા હજારો પ્રસંગો છે, જેમાં તેઓએ કર્મ તો અનિકાચિત બાંધ્યા, પરંતુ પછી પશ્ચાત્તાપ વગેરે રૂપે શુભભાવો ન આવ્યા, અને માટે જ એ બધાએ પોતાના કર્મોનું ફળ

ભોગવવું જ પડ્યું. સીતા ઉપર શીલભંગનો આરોપ આવ્યો જ, કલાવતી ના બે હાથ કપાયા જ, મરિચિનો અસંખ્ય સંસાર વધ્યો જ.

(૧૬) ફરી ધ્યાનમાં લેજો...

અનિકાચિત કર્મો હોય, તો જો સાચો પુરુષાર્થ કરો, તો કર્મ ખતમ થાય જ. ફળ ભોગવવું ન પડે. પણ જો પુરુષાર્થ ન હોય, ઓછો–ઉંધો હોય, તો ફળ ભોગવવું પડે.

મેલેરિયા છે, જો લારિયા–ગો લેશો, તો એ ખતમ ! જો નહિ લેશો, તો એ આગળ વધીને મોત પણ લાવે.

**(૧૭) નિકાચિત કર્મોના દૃષ્ટાંત** (૧) પ્રભુવીરે શય્યાપાલકના કાનમાં સીસાનો રસ નાંખીને નિકાચિત પાપકર્મ બાંધ્યું, અને એટલે જ ઘોરાતિઘોર સાધના કરવા છતાં પણ એ કર્મ ખતમ ન જ થયું. એટલે જ વીરના ભવમાં કાનમાં ખીલા ઠોકાણા.

નિકાચિત કર્મો હોય, ત્યારે ગમે એટલો પુરુષાર્થ કરો, એના ફળ ભોગવવા જ પડવાના. પણ એટલો ફાયદો કે જો પુરુષાર્થ હોય, તો ફળ ભોગવ્યા પછી મોટા નુકસાનો ન થાય. પ્રભુવીરને ખીલાનું દુઃખ આવ્યું... બસ ! એ પછી કોઈ દુઃખ ન આવ્યું.

**(૧૮) નિકાચિત કર્મોના દૃષ્ટાંત** (૨) બ્રહ્મદત્ત ચક્રીએ પૂર્વભવમાં નિયાણું કરીને નિકાચિત મિથ્યાત્વ મોહનીય બાંધ્યું, એ પછી એ ભવમાં કે આગલા ચક્રીભવમાં એને તોડવાનો પુરુષાર્થ ન કર્યો... અને માટે સાતમી નારકમાં જવું પડ્યું.

આમાં ખ્યાલ આવે છે કે કર્મ તો નિકાચિત છે, પણ જો સારો પુરુષાર્થ હોત, તો અતિઘોર નુકસાન ન થાત. (પ્રભુવીરને નથી જ થયા ને.)

**(૧૯) પાછુ ધ્યાનમાં લો...** ડાયાબિટીસ – કેન્સર વગેરે રોગો

મટશે નહિ, પણ કાળજી કરશો, તો મોટું નુકસાન નહિ, કાળજી નહિ કરો, તો મોટું નુકસાન થશે.

(૨૦) આપણને શી રીતે ખબર પડે ? કે 'આપણા કર્મો નિકાચિત? કે અનિકાચિત ? આપણે તો અજ્ઞાની છીએ, પણ અનુમાનથી જાણી શકાય.

ધારો કે જીવનમાં જાત–જાતના દુઃખો આવ્યા, આપણે એને દૂર કરવા માટે જાત–જાતના ઉપાયો કરીએ... એ વખતે જો એ દુઃખો આપણા પુરુષાર્થથી દૂર થાય, તો માની લેવું કે આ દુઃખોને લાવનારા કર્મો અનિકાચિત હતા, એ આપણા પુરુષાર્થથી ખતમ થયા.

ધંધામાં નુકસાન થયું, આપણે પુરુષાર્થ કરીને નુકસાન દૂર કર્યું, તો સમજવું કે નુકસાન લાવનાર કર્મ અનિકાચિત હતું.

**(૨૧) હવે ધ્યાન દઈને સાંભળજો...**

દુઃખો આવ્યા, એને દૂર કરવાની મહેનત કરી પણ દુઃખો દૂર જ નથી થતા, તો પછી સમજી લેવું કે 'આ દુઃખોને લાવનારા કર્મો નિકાચિત છે...'

● ઘણી બધી મહેનત કરી, પણ દુકાન બરાબર ચાલતી જ નથી, તો માની લેવું કે **'ધનપ્રાપ્તિ અટકાવનાર કર્મ નિકાચિત છે.'**

● હજારો મહેનત પછી પણ લગ્ન નથી થતા, તો માની લેવું કે **'લગ્નસુખને રોકનાર ઉપભોગાંતરાય નિકાચિત છે.'**

● કેટલાક ગરીબોને ભીખ માંગવા છતાં પેટ પુરતું ભોજન પણ ન મળે, તો એમને માટે સમજી લેવું કે **'ભોજનસુખ રોકનાર ભોગાંતરાય નિકાચિત છે.'**

● ભણવાની સખત મહેનત કરવા છતાં કશું યાદ રહેતું નથી,

ભુલી જવાય છે, તો સમજી લેવું કે **'જ્ઞાનપ્રાપ્તિને રોકનાર શ્રુતજ્ઞાનાવરણીય કર્મ નિકાચિત છે.'**

● સેંકડો ડોક્ટરોને બતાવ્યું, પણ અમુક રોગો મટતા જ નથી, તો સમજી લેવું કે **'રોગ લાવનાર અશાતા કર્મો નિકાચિત છે.'**

● નારકીના જીવોને પ્રતિસમય મોત કરતા ય અનેકગણી વેદના હોવા છતાં પણ મોત નથી મળતું, તો Fix જ છે કે **'એમનું નરકાયુષ્ય નિકાચિત છે.'**

સુખ પામવાની સખત મહેનત કરીએ, છતાં સુખ ન મળે તો માની જ લેવું પડે કે **'સુખને અટકાવનાર કર્મો નિકાચિત છે.'**

દુઃખ દૂર કરવાની સખત મહેનત કરીએ, છતાં દુઃખ દૂર ન થાય, તો સમજી જ લેવું પડે કે **'દુઃખને લાવનાર કર્મો નિકાચિત છે.'**

**(૨૨) હજી વધુ ધ્યાન દઈને સાંભળજો...**

● સુખ પામવાની સખત મહેનત કરવા છતાં સુખ ન મળે, દૂર દૂર ભાગે, ત્યારે જીવ આર્તધ્યાન કરે, રૌદ્રધ્યાન કરે, રડે, શોકમાં પડે, ત્રાસ પામે, ડીપ્રેશનમાં જાય...

આ એની ગંભીર ભુલ છે.

● દુઃખ દૂર કરવાની સખત મહેનત કરવા છતાં દુઃખ દૂર ન થાય, પાસે ને પાસે જ પડ્યું રહે, ત્યારે પણ જીવ આર્ત-રૌદ્રધ્યાન કરે, રડે, શોકમાં પડે, ત્રાસ પામે, ડીપ્રેશનમાં જાય...

આ એની ગંભીર ભુલ છે...

જુઓ... જુઓ... જુઓ...

(A) હાથ પર કોઢના ડાઘ થયા છે, એને દૂર કરવા અનેક દવાઓ કરી, પણ એ ડાઘ દૂર થતા જ નથી... હવે શું ? હવે લગ્ન કેવી રીતે થશે

? કોઈ જોશે તો કેવું લાગશે ?... આવા આવા વિચારો આવે છે. એ જીવને આત્મહત્યા કરવાનું મન થાય છે.

(B) લગ્નને દસ વર્ષ થયા, હજી સુધી સંતાન મળ્યું નથી, ડોક્ટરોને બતાવ્યું તો કહે છે કે 'કોઈ પ્રોબ્લેમ નથી.' તો પછી કેમ સંતાન થતું નથી ? સાસરીયાઓ વારંવાર ટોકે છે, કોઈ વાંઝણી કહે છે... હવે તો ક્યાંય જવાનું જ મન નથી થતું. જે મળે તે આ જ વાત પૂછે છે... શું જવાબ આપવો?

(C) લગ્ન તો ઠાઠમાઠથી થયા, પણ પતિ નીકળ્યો વ્યભિચારી ! ક્રોધી ! હવે એની સાથે જામતું જ નથી, એમને સમજાવવાના હજાર પ્રયત્નો કર્યા, પરંતુ બધા નિષ્ફળ ગયા. હવે એમની સાથે જીવવું ભારે પડે છે, પણ બે છોકરાઓ સાથે તલાક લઈને હું ક્યાં જઈશ ? પિયરમાં ભાઈ–ભાભી રાખે તેમ નથી, પપ્પા–મમ્મી કેટલો સપોર્ટ કરશે ?

(D) C.A.ની પરીક્ષા પાંચ–સાત વાર આપી, પણ નાપાસ જ થાઉં છું, હવે શું કરવું ? બીજું કંઈ કરવાનું પણ મન નથી થતું. આટલા વર્ષોની મહેનત પાણીમાં જશે ?

(E) દીક્ષા લીધાને વીસ વર્ષ વીત્યા, અભ્યાસ તો થઈ ગયો, વ્યાખ્યાનો આપ્યા, પણ મારો કોઈ શિષ્ય થતો જ નથી. બધા આવે છે ખરા, પણ કોઈ ટકતો નથી... તો મારે હવે શું કરવું? હવે બસ, એકાદ શિષ્ય થાય તો સારું..!

(F) હવે દેવું થઈ ગયું છે ૮૦ લાખનું ! કઈ રીતે ચુકવવું ? મહેનત કરી કરીને થાક્યો, હવે તો ઈજ્જત જશે, લોકો થુંકશે, લોકો જબરદસ્તી કરશે...

દુનિયાના અબજો લોકોને આજે એક જ પ્રશ્ન સતાવે છે...

● સુખ પામવાના સખત પ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે આર્તધ્યાન!

રૌદ્રધ્યાન ! શોક ! ડીપ્રેશન ! હતાશા ! રૂદન !

● દુઃખ કાઢવાના સખત પ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે આર્તધ્યાન! રૌદ્રધ્યાન ! શોક ! ડીપ્રેશન ! હતાશા ! રૂદન !

તમે ક્યાંય પણ નજર કરો, તમને આ જ વિચિત્રતા દેખાશે.

તેઓ ત્યારે એ વિચારતા જ નથી કે 'મારા નિકાચિત પાપકર્મોના ઉદયના કારણે આ બને છે, મારે એને શાંતિથી સહન કરવાનું છે, જો અશાંત બનીશ, તો નવા પાપકર્મો બંધાશે અને નવા દુઃખો આવશે...

પણ આ સમજ કેટલા પાસે ? લાખમાં એક પાસે...

માટે કરોડો લોકો ડીપ્રેશનમાં છે, માટે કરોડો લોકો ક્રોધી–દ્વેષી–અશાંત છે...

[Note : સુખો ન મળવા એ પણ દુઃખ ! દુઃખો ન નીકળવા એ પણ દુઃખ.]

જેમની પાસે સાચી સમજ છે, તેઓ આવી વિચિત્ર પરિસ્થિતિમાં પણ એક જ વાત વિચારે છે **'મારા પાપકર્મોનો ઉદય છે, મારે શાંતિથી સહન કરવાનો છે.'**

● પ્રભુવીરને ખીલા ઠોકાણા કાનમાં ! ● ખંધકમુનિના શરીરની ચામડી ઉતારવામાં આવી. ● ગજસુકુમાલના મસ્તક ઉપર અંગારા સળગાવવામાં આવ્યા ● સુકોશલમુનિને વાઘણે ફાડી નાંખ્યા ● મેતારજમુનિના કપાળ પર ભીનું ચામડું બાંધીને આંખના ડોળા બહાર કાઢવામાં આવ્યા ● ૫૦૦ મુનિઓને ઘાણીમાં પીલવામાં આવ્યા ● ઝાંઝરીયા મુનિનું મસ્તક કાપવામાં આવ્યું...

આવા હજારો મહાત્માઓ પર ભયંકર દુઃખો તૂટી પડ્યા છે, પણ એ બધાએ હસતા હસતા સહન કર્યા છે... એક જ વાત... 'આપણે જ

ભુલ કરીને બાંધેલા આપણા કર્મો આપણને જ હેરાન–પરેશાન કરે છે, બીજા કોઈને પણ શા માટે દોષ દેવો ?'

તો બીજી બાજુ

● સીતાને બે વાર વનવાસ ● કલાવતીના હાથ કપાયા ● ઋષિદત્તા ઉપર મનુષ્યમાંસ ખાવાનો આરોપ ● ચંદનબાળાજી કોટડીમાં પુરાયા... ● સુલસાને સંતાન જ ન થયા... ● દમયંતીને પતિ ઘોર જંગલમાં એકલી છોડી મૂકે... ● અંજનાસુંદરી ઉપર પણ શીલભંગનો આરોપ, વનવાસ...

મહાસતીઓ ઉપર પણ દુઃખો અતિભયાનક આવ્યા છે, સ્ત્રી સ્વભાવથી તેઓ રડી પડ્યા ખરા, પરંતુ મનમાં એક જ ભાવ **'આ બધો જ આપણા જ પાપકર્મોનો વિપાક છે...'** માટે જ વિશેષ કોઈપણ આર્ત–રૌદ્રધ્યાનાદિમાં ફસાયા નથી...

આજના કરોડો લોકોને માટે સૌથી વધુ જરૂરી છે આ જ કે...

● સુખ મેળવવાના પ્રયત્નો નિષ્ફળ જાય, ત્યારે આ જ વિચાર દઢ કરવાનો *'મારા કર્મો નિકાચિત હશે, એ મારે ભોગવવા જ પડશે. કોઈનો પણ દોષ નથી.'*

● દુઃખ કાઢવાના પ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે પણ આ જ વિચાર દઢ કરવાનો... *'મારા કર્મો નિકાચિત હશે...'* વગેરે.

આ વખતે જે મુખ્ય વિચાર છે કે **'મારું કંઈ જ ચાલવાનું નથી...'** એનો અર્થ જ એ છે કે **'હું તો કઠપુતળી છું...'** અને **'બધું કર્મ પ્રમાણે થશે...'** એનો અર્થ જ એ છે કે **'બધું ભગવાનના હાથમાં છે...'**

જૈનેતર કવિઓ બોલે છે **'જીવ ! તું શીદને ચિંતા કરે ? હરિને કરવું હોય તે કરે.'**

આ જગ્યાએ જૈનમુનિઓ કહેશે કે **'જીવ ! તું વધારે પડતી ચિંતા મત કર, તારા નિકાચિત કર્મો જેવા હશે એ પ્રમાણે થશે... તું લાખ મહેનત કરીશ, તો પણ કંઈ વળવાનું નથી...'**

જૈનેતર કવિઓ બોલે છે કે **'જેહ ગમ્યું દેવ જગદીશને, તેહ તણો ખરખરો કિમ કરવો ? આપણો અર્થ કોઈ નવિ સરે...'**

દીકરો યુવાન ઉંમરમાં મરી ગયો, મા હીબકા ભરીને રોવે છે, એ વખતે એને કવિ ઉપદેશ આપે છે કે ભગવાનને એ જ ગમ્યું કે *'તારા યુવાન દીકરાને ઉપાડી લેવો.'* તો પ્રભુએ પોતાની ઈચ્છાનો અમલ કર્યો છે. એમાં તમે શા માટે શોક કરો છો ? *'તમારું ધારેલું કંઈ જ નહિ થાય..!'*

આ જગ્યાએ જૈનમુનિઓ કહેશે કે *'તારા એવા વિચિત્ર પાપકર્મો જ હતા કે તારે પુત્રનો વિયોગ થાય, હવે કર્મો તો ભોગવવા જ પડશે, માટે શોક કરવાનો કોઈ મતલબ નથી...'*

**મહત્ત્વની વાત :** જીવો સુખ પામવા ઘણી મહેનત કરે, છતાં સુખ ન પામે... એ વખતે એમના આર્તધ્યાનાદિને દૂર કરવા આ ઉપદેશ છે કે *'તારા કર્મો નિકાચિત હશે, સહન કર...'*

જીવો દુઃખ કાઢવા ઘણી મહેનત કરે, છતાં દુઃખ ન નીકળે... એ વખતે એમના આર્તધ્યાનાદિને દૂર કરવા આ ઉપદેશ છે કે *'તારા કર્મો નિકાચિત હશે, સહન કર...'*

પરંતુ ગુણ–દોષમાં આ ઉપદેશ નથી.

ઉત્તમ આત્મા ગુણોની પ્રાપ્તિ માટે સખત મહેનત કરે, છતાં ગુણ ન પામે, તો ત્યાં ઉપદેશ થોડોક બદલાઈ જાય છે... 'તું મહેનત ચાલુ રાખ, કર્મો ભારે હશે, તો ગુણ અત્યારે નહિ પણ મળે, પણ હતાશ ન થઈશ... આવતા ભવમાં ફળ મળી જશે...'

આનું કારણ એ છે કે ગુણપ્રાપ્તિની મહેનત તો સાધના છે, અને સાધના તો હંમેશા ચાલુ જ રાખવાની છે. હા ! નિષ્ફળતા વખતે હતાશ ન થઈ જવાય, એ માટે ઉચિત ઉપદેશ આપીએ.

એ જ રીતે ઉત્તમ આત્મા દોષોના નાશ માટે સખત મહેનત કરે, છતાં દોષનાશ ન પામે, તો ત્યાં પણ આવો ઉપદેશ અપાય કે 'મહેનત ચાલુ જ રાખ, આજે નહિ તો કાલે, આવતાભવે પણ સફળતા તો મળશે જ...'

આ છે જૈનદર્શનનો અનેકાન્તવાદ !

આ ગીત કોના માટે છે ?

સુખ પ્રાપ્તિ માટે કે દુઃખનાશ માટે સખત મહેનત કરવા છતાં પણ સફળ ન બનનારા જીવો માટે આ ગીત છે. તેઓના આર્તધ્યાનાદિને નિવારવા માટે, શાંતિ સ્થાપવા માટે આ ગીત છે... આ થઈ ગઈ ભૂમિકા ! ચાલો હવે ગીતની સાથે આગળ વધીએ...

**हम सब तो कठपुतली है, डोर उपरवाले के हाथ,**
**जब दुनिया से कुछ कहे हम, सांया भी चले न साथ...**
**डोर उपरवाले के हाथ... ।।१।।**

અરે ભાઈ ! તું કે હું આપણે બધા સ્ટેજ પર ઉભેલી પેલી જડ કઠપુતળીઓ જેવા છીએ... આપણું કશું ચાલવાનું નથી. સેકેલું પાપડ પણ ભાંગવાની આપણી હૈશિયત નથી. આપણી દોરી તો ભગવાનના હાથમાં છે. ભગવાન આપણને નચાવે છે, ભગવાન જેમ ચાહશે તેમ જ થશે... એટલે નકામી મહેનત કરવી રહેવા દે.

**ભગવાન એટલે ?** ભગવાનની આજ્ઞા પાળવાથી ઉત્પન્ન થયેલ

પુણ્યકર્મ એ જ **ભગવાન!**

**ભગવાન એટલે ?** ભગવાનની આજ્ઞા ન પાળવાથી ઉત્પન્ન થયેલ પાપકર્મ એ જ **ભગવાન !**

ડોક્ટરની વાત માનવાથી રોગ મટે, તો આપણે બોલશું કે *'ડોક્ટરની વાત માની એટલે હું નીરોગી બન્યો...'* અહીં આપણે માનીએ જ છીએ કે આપણે ખુદ તો નીરોગી ન જ બનત, આ તો ડોક્ટર મળ્યા, એની વાત માની, એટલે હું નીરોગી બન્યો...

ડોક્ટરની વાત ન માનવાથી રોગ ન મટે, તો આપણે બોલશું કે *'ડોક્ટરની વાત ન માની, એટલે હું રોગી બન્યો, રોગી રહ્યો...'* અહીં આપણે માનીએ જ છીએ કે *'ડોક્ટરની વાત ન માની, માટે હું રોગી...'*

આમાં *'ડોક્ટની વાત માનવાથી આરોગ્ય મળે છે...'* અહીં આરોગ્યમાં ડોક્ટર પોઝીટીવ રૂપે કારણ છે. અને *'ડોક્ટરની વાત ન માનવાથી રોગ મળે છે...'* અહીં રોગમાં ડોક્ટર નેગેટીવ રૂપે કારણ છે.

એમ ભગવાનની વાત માનવાથી પુણ્ય દ્વારા સુખ મળે છે... માટે **ભગવાન સુખમાં પોઝીટીવ રૂપે કારણ છે.** તો ભગવાનની વાત ન માનવાથી પાપ દ્વારા દુઃખ મળે છે... માટે **ભગવાન દુઃખમાં નેગેટીવ રૂપે કારણ છે.**

આમ, સુખ અને દુઃખ બંને પુણ્ય અને પાપને આધીન છે... પુણ્ય અને પાપ એ પોઝીટીવ કે નેગેટીવ રીતે ભગવાનને આધીન છે.

માટે જીવ ! તું માની લે મારી વાત... વધારે પડતો ઉંચો–નીચો ન થા. તારા સુખ–દુઃખ બધા ભગવાનના હાથમાં છે, ભગવાનની આજ્ઞા માનવા – નહિ માનવાથી ઉત્પન્ન થયેલ પુણ્ય+પાપ કર્મના હાથમાં છે, તારું કંઈ જ ચાલવાનું નથી.

તારી હેસિયત શું ? તને ખબર છે ? જ્યારે તું આ દુનિયાના

લોકોને કંઈક કહે છે કે 'આ કરવા જેવું છે... આ નહિ કરવાનું...' ત્યારે દુનિયાની વાત તો જવા દે, પણ તારા પડછાયા જેવા તારા પરિવારજનો પણ તારી વાત માનતા નથી. અરે ! તું પણ તારી પોતાની વાતને લાંબો સમય પાળી શકતો નથી. તારે તારા પાપોદયે તારી જ માન્યતાઓ છોડવી–તોડવી પડે છે... તારી પત્ની–બાળકો–નાનાભાઈ–નોકરો... તારી વાત કેટલી માને ? તારું પુણ્ય જ્યાં સુધી ત્યાં સુધી માને, પછી ? કશું જ નહિ...

**यह दुनिया किसी का बसेरा नहि, यहां कोइ घर तेरा मेरा नहि,**
**जरा ओर हिंमत से तुं काम ले, बहोत दूर अब तेरा डेरा नहि;**
**किसी का आना, किसी का जाना, तेरे हाथ न मेरे हाथ,**
**डोर उपरवाले के हाथ... ।।२।।**

જો આત્મન ! આ દુનિયા, આ સંસાર કોઈનું નિવાસસ્થાન નથી, કાયમી સ્થાન નથી, એડ્રેસ નથી. આ તો મુસાફરી કરનારા મુસાફરોને આરામ–ભોજન કરવા માટેની ધર્મશાળા + ભોજનશાળા છે. આજના કાળની હોટલો છે, ત્યાં રહો... પાછા આગળ વધો, ત્યાં રહેવા–ખાવાના પણ પૈસા ચુકવો... આ કંઈ તારું ઘર નથી. આ કંઈ મારું ય ઘર નથી.

દુનિયા એટલે દેવ–મનુષ્ય–તિર્યંચ–નારક રૂપી ચાર ગતિઓ ! હોટેલો ! ધર્મશાળા – ભોજનશાળાઓ !

આપણે બધા જીવો એટલે મુસાફરો !

પુણ્ય–પાપ કર્મો એટલે ત્યાં રહેવા–ખાવા માટે ચુકવવાનું ધન !

જન્મ એટલે હોટેલાદિમાં પ્રવેશ !

જીવન એટલે હોટેલાદિમાં રહેવું–ખાવું !

મરણ એટલે હોટેલાદિમાંથી નીકળવું, અને ફરી યાત્રા !

ચેન્નઈથી અમદાવાદ નવજીવન ટ્રેન જાય છે, દોઢ દિવસ લાગે છે, વચ્ચે સેંકડો સ્ટેશનો આવે છે, મુસાફરો પાણી પીએ.. ખાય... બે–પાંચ મિનિટ ટ્રેન રોકાય, વળી આગળ વધે...

આમાં તેઓ ક્યાંય કાયમી નિવાસ તો કરતા નથી.

જીવ ! તારી મંઝિલ છે મોક્ષ ! તારું લક્ષય છે મોક્ષ ! તારું ઘર છે મોક્ષ !

તું અત્યારે સાવ નિષ્ક્રિય થઈને બેઠો છે.

તું અત્યારે આ માનવભવ કે દેવભવને જ તારું ઘર માનીને બેઠો છે.

તું અત્યારે તારી મુસાફરી ભુલી ગયો છે.

અરે જીવડા ! આ ભુલ મત કર, આ મોટું ભયસ્થાન છે...

મને ખબર છે કે 'તું કેમ આમ કરે છે ?' મોક્ષ માટે તો સખત મહેનત કરવી પડે એમ છે, સંસારની તમામ અનુકૂળતા છોડવી પડે એમ છે, એ સુખમય જીવન ત્યાગીને દુઃખમય જીવન અપનાવવું પડે એમ છે, અનુકૂળતાઓ છોડીને પ્રતિકૂળતાઓ સહેવી પડે એમ છે.

હેર સ્ટાઈલ છોડીને લોચ કોણ અપનાવે ?

મીઠું સંગીત છોડીને ગુરુના કડક શબ્દો કોણ સ્વીકારે ?

રંગીન વસ્ત્રો છોડીને સાવ–સાવ સાદા વસ્ત્રો કોણ પહેરે ?

હજારો વસ્તુઓ ખાવા માટેની છોડીને તુચ્છ ભોજન કોણ ખાય ?

A.C. છોડીને ઘોર ગરમી કોણ વેઠે ?

ગાદી–રજાઈ છોડીને ઠંડીમાં કોણ ધ્રુજે ?

તારી વાત મને સમજાય છે... મોક્ષ માટેની મહેનત અતિશય ભારે છે...

પણ આત્મન ! તું સમજ, ડાહ્યો બન, આ પારકા ઘરમાં તું લાંબો સમય નહિ રહી શકે, તને ધક્કો મારીને કાઢશે, ઘરે ઘરે ભટકતા ભિખારી જેવી અત્યારે તારી હાલત છે આત્મન !

અને તને Good News આપું છું, તારો મોક્ષ વધારે દૂર નથી, તારે મોક્ષ માટે વધારે મહેનત કે વધારે ટાઈમ મહેનત પણ કરવાની નથી. તારે તો માત્ર ૫૦ વર્ષ મહેનત કરવાની છે. અને એમાં અષ્ટ પ્રવચન માતાનું પાલન કરવાનું છે, એમાં કોઈ વધુ મહેનત નથી, બસ, પછી તો અવશ્ય તને જલ્દી મોક્ષ મળશે જ.

તારે જરાક જ મહેનત કરવાની છે... જરાક જ !

તારા મનને મજબુત કરી દે, બસ ! માત્ર પચાસ વર્ષ માટે, આ એકભવ માટે !

પછી તારું ઘર, તારો મોક્ષ સાવ નજીકમાં જ છે.

ત્યાં પહોંચ્યા પછી તને શાંતિ છે, કોઈ તને હેરાન–પરેશાન નહિ કરે, કોઈ તને દુઃખી નહિ કરે, કોઈ તને કાઢી નહિ શકે...

બાકી આ સંસારમાં તો તું પરાધીન જ છે, તારા હાથમાં કશું નથી, પુણ્ય અને પાપ, આ કર્મોના આધારે તું નાચ કરે છે...

તું ઈચ્છે છે કે 'મારા ઘરે પુત્ર જન્મે, મારા ઘરે ધન આવે, મારા ઘરે પુત્રવધુ આવે, મારા ઘરે મારી પત્ની આવે...' પણ આ કોઈનું પણ તારા ઘરે આવવું, તારી પાસે આવવું, તારા જીવનમાં આવવું એ તારા હાથમાં છે જ ક્યાં ? શા માટે નકામી મહેનત ? રે ! મારા હાથમાં પણ નથી, કોઈના હાથમાં નથી, કોઈ તારી ઈચ્છા પૂરી નહિ કરી શકે...

તું ઈચ્છે છે કે 'મારા બિમાર મા–બાપ મરવા ન જોઈએ, મારી કમાયેલી સંપત્તિ જતી ન રહેવી જોઈએ, મારી પત્ની મારા સ્વભાવથી રીસાઈને જતી ન રહેવી જોઈએ, મારો દીકરો પત્નીનો ચડાવેલો મારાથી અલગ ન થવો જોઈએ, હું ખુદ નાની ઉંમરમાં આ સંસાર છોડીને જતો ન રહું...'

પણ આ કોઈનું જવું ન જવું તારા હાથમાં છે જ ક્યાં ? મારા કે કોઈના હાથમાં નથી. તારા ભાગ્યમાં જે લખ્યું હશે, તે જ થવાનું છે...

યાદ કર...

(A) પ્રભુવીરની સેવા કરે છે ૬૪ ઈન્દ્રો ! છતાં એમના કાનમાં જ્યારે ખીલા ઠોકાણા કે બાર વર્ષ ઘોર ઉપસર્ગો આવ્યા, ત્યારે એ દેવેન્દ્રો ક્યાં જતા રહેલા ? પ્રભુના દુઃખોને રોકવાની તાકાત ઈન્દ્રોમાં પણ નથી ને ! બસ, પ્રભુના કર્મો હતા, નિકાચિત હતા, એ નિકાચિત કર્મ રૂપી ભગવાને પ્રભુને દુઃખો દીધા. એમાં કોઈનું કંઈ જ ન ચાલે, પ્રભુનું પણ ન ચાલે.

(B) શ્રેણિક મહારાજા નરકમાં ગયા, પ્રભુવીર એમને કેમ બચાવી ન શક્યા ?

(C) કૃષ્ણ મહારાજા ને પ્રભુનેમિ કેમ બચાવી ન શક્યા ?

(D) સનત ચક્રીના શરીરમાં સાત મહારોગ સાતસો વર્ષ સુધી રહ્યા, મહાન વૈદ્યો કેમ એમને બચાવી ન શક્યા ?

ભગવાન ખુદ પોતાના ઉપર આવનારા દુઃખોને પણ અટકાવી નથી શકતા, ભગવાન પણ પોતાના નિકાચિત કર્મોને ભોગવે છે તો આપણા બધાની શું હેસિયત ?

આ બધો જ વિચાર કરીને આપણે આ જ દૃઢ કરવાનું છે કે આપણે બધા પરાધીન છીએ, કઠપુતળી જેવા છીએ, આપણા જીવનમાં

શું શું ઘટના Fix બનવાની છે, એ નિકાચિત કર્મોને આધીન છે...

● રુક્મિણીને દીકરો થયો, અને પ્રથમ દિવસે જ એનું અપહરણ થયું, શ્રીકૃષ્ણ જેવા વાસુદેવ પિતા પણ એ દીકરાને પાછો મેળવી ન શક્યા, રુક્મિણીનું કર્મ જ એવું હતું, જાણે કે શ્રીકૃષ્ણે રુક્મિણીને કહ્યું કે 'દીકરાનું તારા ઘરે જન્મ લઈને આવવું એ ય તારા–મારા હાથમાં ન હતું, અને દીકરાનું આ રીતે અપહરણ થઈને જવું એ પણ તારા–મારા હાથમાં ન હતું, અને અત્યારે દીકરાને પાછો લાવવો એ પણ આપણા હાથમાં નથી, બધું તારા–એના–મારા કર્મોને આધીન છે...'

● દેવાનંદાના પેટમાં પ્રભુવીર આવે છે, ૮૨ દિવસ પછી એમનું ગર્ભમાં જ અપહરણ થાય છે, દેવાનંદા ખૂબ જ રડે છે, પરંતુ છેવટે પતિ ઋષભદત્ત બ્રાહ્મણ જાણે કે સમજાવે છે કે 'તારા–મારા હાથમાં એ નથી, જે થયું છે એ બધું કર્મને આધીન છે...'

● એ સ્ત્રીએ દેવની આરાધના કરી, અને સંતાન માંગ્યુ, દેવ જેવો કહે છે કે 'તારા ભાગ્યમાં મરેલા જ છ દીકરાઓનો જન્મ છે, એમાં હું કંઈપણ ફેરફાર કરી શકું એમ નથી. માત્ર દેવકીના છ દીકરાઓ અને તારા મરેલા જન્મેલા છ દીકરાઓ... એમની અદલી–બદલી હું કરી દઈશ... બાકી તને તારો પોતાનો જીવતો દીકરો આપવાની તાકાત મારામાં નથી.'

બોલો, છે ને કર્માધીનતા ! દેવનું પણ કંઈ ન ચાલે એ કેવું ?

આમ અત્યાર સુધી આપણે આ બે લાઈનને એ રીતે જોઈ કે સુખ માટે કે દુઃખનાશ માટે સખત મહેનત કર્યા બાદ નિષ્ફળ બનનારાઓ હતાશ ન થાય, એ માટે આ ચિંતન કરે... આ તત્ત્વ વિચારે...

હવે આપણે આ જ બે લાઈનોને બીજી રીતે જોઈએ.

જો નિષ્ફળતા મળે, તો એ પાપના ઉદયે મળે છે...

પણ જો સફળતા મળે, તો એ પુણ્યના ઉદયે મળે છે...

ત્યાં પણ જીવ તો કઠપુતળી જ છે, છેવટે તો ત્યાં પણ નિકાચિતકર્મો જ સફળતા અપાવે છે. સ્ટેજ પર રાવણ હારે છે, તો ય એમાં રાવણ તો બિચારો આમ પણ પરાધીન હતો... સાથે સાથે જે રામ જીતે છે, એ પણ પરાધીન જ છે ને ! પડદાની પાછળવાળો પોતાની કળા દ્વારા જ તો રામને જીતાડે છે, રામ ખુદ તો જીતતો જ નથી ને !

પણ પોતાની મહેનત જ્યારે સફળ થાય, ત્યારે જીવ અહંકાર કરી બેસે છે, 'મેં આ કર્યું' એવો ગર્વ એના રોમ–રોમમાં વ્યાપી જાય છે. એના કારણે નવા પાપકર્મો બાંધે છે...

**'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા'** આ વાત એ સમજતો નથી.

'શક્ટનો ભાર જિમ શ્વાન તાણે', કુતરો પોતે ગાડાનો ભાર ખેંચતો નથી, એ તો ગાડાની નીચે ચાલે છે, ભાર ખેંચે છે બળદો ! પણ કુતરો એમ માને છે કે 'હું ગાડાનો ભાર ખેંચું છું જો હું ન હોઉં, તો આ ભાર કોઈ ન ખેંચે.'

સફળતાનો ભાર ખેંચે છે, હકીકતમાં જીવના પુણ્યકર્મો !

પણ જીવ નામનો કુતરો એમ માને છે કે 'મેં આ સફળતા મેળવી, મારી મહેનત રંગ લાવી.'

● ડોક્ટરે અતિ અઘરું ઓપરેશન પણ સારી રીતે પાર પાડ્યું...

● યુવાને રાત–દિન સખત મહેનત કરીને I.A.S.ની પરીક્ષામાં સારા માર્ક્સ લાગ્યા.

● મા–બાપે ઘણી બધી તપાસ કર્યા બાદ છોકરી માટે સંસ્કારી છોકરો શોધ્યો, લગ્ન સક્સેસ થયા.

● પતિ–પત્નીના ઝઘડામાં કોઈક મિત્રે બંને વચ્ચે શાંતિ સ્થાપિત

કરાવી દીધી...

● અમારા જેવા સાધુઓએ યુવાનોને વ્યસનો છોડાવ્યા...

● અમારા જેવા સાધુઓએ સંઘના ઝઘડાઓ મટાડી દીધા...

દરેકને પોત–પોતાની મહેનત દ્વારા મળેલી સફળતાનો અહંકાર ચડે છે, પણ તેઓ ભુલી જાય છે કે જો પુણ્યકર્મ ન હોત, તો સફળતા ન મળત. એટલે આ બધાને પણ ઉપદેશ આપવો પડે છે કે,

ઓ જીવો ! સફળતામાં EGO ધારણ ન કરો, આપણે તો માત્ર કઠપુતળીઓ છીએ. આપણી બધાની સફળતાનો આધાર ઉપરવાળો છે... ઉપરવાળાની આજ્ઞાના પાલનથી ઉત્પન્ન થયેલ પુણ્યના કારણે આપણને સફળતા મળે છે...

માટે જ તો જૈનોમાં એક શબ્દ, પ્રચલિત છે **'દેગગુરુપસાય !'**

સારી તપશ્ચર્યા થઈ, તો એક જ વાત 'દેવગુરૂની કૃપાએ થઈ.'

છ'રી પાલિત સંઘ મસ્ત થયો, તો એક જ વાત 'દેવગુરુની કૃપાએ થયો.'

સંઘ માટે મોટું ફંડ થયું, તો ય એક જ વાત 'દેવગુરુની કૃપાએ થયું.'

આ તો કેવું વિચિત્ર છે ને,

સફળતામાં પણ આપણે કર્મોના ગુલામ !

નિષ્ફળતામાં પણ આપણે કર્મોના ગુલામ !

આ કંઈ ચલાવી લેવાય ? અંગ્રેજોને મન થાય તો શીરો ખવડાવે ને મન થાય તો સોટીઓ મારે. અંગ્રેજોને મન થાય તો ગુલાબ આપે ને મન થાય તો વિષ્ટામાં ફેંકે, અંગ્રેજોને મન થાય તો ઉંઘવા માટે ગાદી

આપે ને મન થાય તો લોખંડના ખીલાઓ ઉપર ઉંઘાડી દે...

આવી ગુલામી પસંદ છે આપણને ? નહિ ને ! તો આઝાદ થવા મહેનત કરવી નથી ? સાંભળો, ગુલામી સામે બગાવત કરવી જ છે આપણે !

હા ચેતન ! મને ખબર છે કે તું ખૂબ ડરે છે, મોક્ષ માટેની ઘોર સાધના સાંભળીને તને ચક્કર આવે છે, તું ધ્રુજે છે... તારા રોમ–રોમમાંથી એક જ અવાજ આવે છે કે 'ના ના ! મારાથી આ સાધના નહિ થાય, આ લોચ, આ વિહાર, આ બ્રહ્મચર્ય, આ ઠંડી–ગરમી, આ ઉપવાસાદિ... આ સાવ સાવ રુક્ષ જીવન જીવવા માટે મારું મન તૈયાર જ નથી થતું.'

તું ડરેલો છે, ગભરાયેલો છે, કબુતર અને હરણ જેવી તારી હાલત છે...

પણ તને આવું ન શોભે, બિલકુલ ન શોભે...

**किनारे पर लगती वो कश्ती नहि,**
**कि रुख जिसने तुफा से घेरा नहि,**
**दिया तेरे दिल का जो जलता रहे,**
**तो जहां में कहीं भी अंधेरा नहि;**
**सिर्फ अपने ही दुखडे मत रो, देख ओरो के भी हालात,**
**डोर उपरवाले के हाथ... ।।३।।**

આત્મન ! હોડી–બોટ કોને કહેવાય ? લોકો ભલે દરીયાના કિનારે ઉભેલી બોટને બોટ કહે, પણ શું કામની એ બોટ ! શું કિંમત એ બોટની!

અરે, દરીયાના મધ્ય ભાગમાં જે પ્રવેશી હોય, એ વખતે દરીયામાં

તોફાન આવેલું હોય, એ તોફાનના ભયાનક ચહેરા વચ્ચે એ બોટ ઘેરાયેલી હોય, આકાશમાં કાળા–કાળા વાદળો હોય, રાતનો ઘોર અંધકાર હોય, ધોધમાર વરસાદ પડતો હોય, વિજળીઓ ચમક્યા જ કરતી હોય, સમુદ્રના મોજાઓ ઉંચા–ઉંચા ઉછળીને હોડીને આમથી તેમ ફેંકતા હોય... મોજાના ઉંચા ઉછળતા પાણી બોટમાં આવી જતા હોય... એમાં નાના–મોટા માછલાઓ પણ આવી પડતા હોય...

આવી ભયાનક પરિસ્થિતિ હોય... અને એમાં એ બોટ લડી હોય તુફાન સામે... અને જીવતી બહાર આવી હોય... તો કહેવાય કે આ સાચી કશ્તી ! આ સાચી હોડી !

ભયાનક યુદ્ધમાં પરાક્રમ બતાવીને આવેલો સૈનિક સાચો સૈનિક !

ઈન્ટરનેશનલ મેચમાં મોટા બોલરો સામે ૧૦૦ રન કરી ચૂકેલો બેટ્સમેન સાચો બેટ્સમેન ! મોટા જ્ઞાનીઓના સવાલોનો સાચો જવાબ દઈ ચુકેલો વિદ્વાન સાચો વિદ્વાન !

એમ તોફાનો સામે લડી ચુકેલી હોડી જ સાચી હોડી !

તું કોણ છે ? પુરુષ ? ના, ના ! તું તો નપુંસક લાગે છે. તે તારું પુરુષત્વ દેખાડ્યું જ ક્યાં છે ? સંસારમાં રહીને સુખમય જીવન જીવે છે... સત્ત્વ ફોરવતો નથી. મોક્ષની સાધનામાં જોડાતો નથી.

તને કહું છું *'નવકારશી છોડ, પાંચ તિથિ આંબિલ કર, એ સિવાય એકાસણા કર...'* પણ તું તારા પાંચ ટંકના ભોજનને ક્યાં છોડે છે ?

તને કહું છું **'લોચ કર...'** પણ તું તારો વાળ–રાગ ક્યાં છોડે છે?

તને કહું છું **'બ્રહ્મચારી બન...'** પણ તું તારી વાસનાઓ, ખરાબ ચેષ્ટાઓ ક્યાં છોડે છે?

તને કહું છું **'શાંત બન...'** પણ તું તારો ક્રોધ, તારી દુશ્મની ક્યાં છોડે છે ?

તને કહું છું **'બીજાના ગુણોની પ્રશંસા કર...'** પણ તું બીજાની નિંદામાંથી જ ક્યાં ઉંચો આવે છે ?

તને કહું છું **'પરિગ્રહ ઘટાડ...'** પણ તું તો પૈસો–પૈસો કરવામાંથી જ બહાર ક્યાં નીકળે છે ?

તને કહું છું **'પરિવારનો રાગ તોડ...'** પણ તું તો પરિવાર પણ વધારે છે, એના રાગને પણ વધારે છે...

શું કહેવું તને ? તને પુરુષ કેમ કહું ? કેમકે તું તો સાવ નબળો છે, સત્ત્વહીન છે... તને ચેતન કેમ કહું ? કેમકે તું તો સાવ જડ છે, તને મારા પદાર્થો ફીલ જ નથી થતા... તને જીવ કેમ કહું ? કેમકે તું તો સાવ મડદા જેવો છે, મડદાને કંઈ અસર ન થાય, એમ તને પણ કંઈ અસર જ નથી થતી...

જો આત્મન ! તું ખોટી ખોટી ફરિયાદો નહિ કરતો. તું ખોટા ખોટા બહાના નહિ કાઢતો...

● આ તો કળિયુગ છે, આવા કાળમાં ધર્મ શી રીતે કરવો ? ● મારું શરીર નબળું છે, મારાથી ધર્મ ન થાય... ● આજના કાળમાં સાચા–સારા ગુરુ મળતા નથી... શું કરવું ? ● કેટલા બધા મત–મતાંતરો છે, કોણ સાચું અને ખોટું ? એ જ કંઈ સમજ નથી પડતી... બધા પોતાને સાચા અને બીજાને ખોટા કહે છે... ● મારી પાસે વિશેષ જ્ઞાન નથી, તો હું શું આરાધના કરવાનો...

આ બધા છે બહાના ! જેણે નાચ નથી કરવો, એ કહે છે કે 'આંગણું વાંકુ છે.' આ બિલકુલ ન ચાલે...

વિચારી લે...

અમાસની અંધારી રાત છે, એમાં રાત્રે લાઈટ જતી રહી છે, તું પાછો કોઈ ભોંયરામાં છે... એટલે તારાઓનો પ્રકાશ પણ નથી. પણ

તારા હાથમાં જો દીપક–ફાનસ–બેટરી હોય તો ? તો તને પ્રોબ્લેમ ખરો? તું તારું કામ કરી શકે ને ? દુનિયાનો અંધકાર તને ક્યાં પરેશાન કરે છે?

અરે, ઘરના લોકોને રાત્રે ઉંઘવામાં તકલીફ ન પડે, એ માટે કેટલાય વિદ્યાર્થીઓ ટેબલલેમ્પ ચાલુ કરીને ભણે છે, આખા ઘરમાં અંધારુ, માત્ર ટેબલ પર જ લાઈટ પડે, પણ એમાં એને ભણવામાં ક્યાં પ્રોબ્લેમ છે ?

એક જ વાત, તારી પાસે પ્રકાશ જોઈએ, ભલે દુનિયામાં અંધારું હોય, તારા માટે તો એ અંધારું અંધારુ છે જ નહિ, તારા માટે પ્રકાશ જ છે. કેમકે એ અંધારું તને પરેશાન કરતું નથી.

એમ અહીં જોઈ લે...

તારા દીલમાં = હૃદયમાં જો દીપક ઝળહળતો રહેશે તો તે બતાવેલ તમામ વિપરીત બાબતો પણ તને કોઈ જ મુશ્કેલી ઉભી નહિ કરે. તારી સાધનામાં કોઈ બાધા ઉભી નહિ કરે.

એ દીપક છે **સંવેગ અને નિર્વેદ !**

મોક્ષ પામવાની તીવ્ર ઈચ્છા ! એ **સંવેગ !**

એટલે કે આત્માના તમામ ગુણોને પામવાની તીવ્ર ઈચ્છા એ **સંવેગ !**

સંસાર કાઢવાની તીવ્ર ઈચ્છા ! એ **નિર્વેદ !**

એટલે કે આત્માના તમામ દોષોને કાઢવાની તીવ્ર ઈચ્છા એ **નિર્વેદ !**

આ બે દીપક હૃદયમાં જીવતા હોય ને, તો બહારની ગમે એટલી વિચિત્ર પરિસ્થિતિ પણ આત્માને પરેશાન કરી શકતી નથી...

જોવા છે દૃષ્ટાંતો...

(A) કુરગડુને ચાર તપસ્વીઓ ધિક્કારે છે, પાત્રામાં થુંકે છે... પણ એમના હૃદયમાં સંવેગ –નિર્વેદ દીપક પ્રજ્વળે છે, એ પામે છે કેવલજ્ઞાન!

(B) મૃગાવતીજીને સગી ભાણેજ સાધ્વી ચંદનબાળા નાની ભુલ માટે ઠપકો આપે છે, પણ દીપક પ્રજ્વળે છે, એ પામે છે કેવલજ્ઞાન !

(C) માષતુષને કશું જ યાદ રહેતું નથી, ઘોરાતિઘોર અજ્ઞાન ! પણ દીપકના પ્રભાવે કેવલજ્ઞાન !

(D) ચંડરુદ્રાચાર્યના શિષ્યને દીક્ષાની પ્રથમ રાત્રે જ ગુરુ તાજા લોચ કરેલા માથા પર દાંડાના માર મારે છે. પાછું ગુરુને ખભે બેસાડીને એ ચાલી રહ્યો છે. નીચે રસ્તો ઉંચો–નીચો હોવાથી ચાલવામાં પણ પ્રોબ્લેમ છે. એક દિવસ પણ દીક્ષાની તાલીમ લીધી નથી. અરે ! તાજા લગ્ન કરીને આવેલો આ યુવાન હતો... અને છતાં અંદર દીપકો પ્રગટી ચુકેલો છે, પૂરી પ્રસન્નતા સાથે સહન કરે છે અને પામે છે કેવલજ્ઞાન !

(E) રજ્જાસાધ્વી નામના ગુરુણી અને ૫૦૦ ગુરુબહેનો બધા એક તરફ છે કે 'ઉકાળેલું પાણી ન પીવાય...' અને એ બધાની સામે એક જ સાધ્વી મજબુત છે. 'ઉકાળેલા પાણીથી કોઢ થાય, એ વાત ખોટી છે, ગુરુજીને કોઢ એમના કર્મોના કારણે થયો છે.' આ છે હૃદયમાં પ્રગટેલો દીવડો !

(F) રાજગૃહીના લાખો લોકો અંબડ પરિવાજકની માયાજાળમાં ફસાયા. 'પચ્ચીસમા તીર્થંકર પધાર્યા છે.' એ વાત બધાએ માની, અને વંદનાર્થે ચાલ્યા, ઘણાએ સુલસાને કહ્યું કે 'ચલ વંદન માટે' પણ હજારો લોકોનો પ્રવાહ પણ એની શ્રદ્ધાને હચમચાવી ન શક્યો. કારણ કે હૃદયમાં દીવડો પ્રગટેલો હતો.

(G) સુદર્શન શેઠ ઉપર આરોપ છે અભયા રાણી સાથે ખોટા કામ કરવાનો... જો એ સાચો જવાબ આપે, તો બચે... અને અભયાને

બચાવવા માટે મૌન રહે, તો પોતાની મોત...! પણ સુદર્શન મૌન જ રહ્યો... કારણ કે દીવડો પ્રગટેલો છે હૃદયમાં !

● 'શરીરની શક્તિ નથી.' એ બહાનું છે તપ ન કરવાનું...! અનાશક્તિ + સત્ત્વ નામનો દીવડો નથી, એ સચ્ચાઈ છે તપ ન કરવાની.

● *'પૈસા નથી, વ્યાપાર બરાબર ચાલતો નથી, ઘણા પ્રસંગો આવવાના છે'* આ બધા બહાનાઓ છે દાન ન કરવાના...! ઉદારતા નામનો દીવડો નથી, એ સચ્ચાઈ છે દાન ન કરવાની.

● *'ચડતું નથી, યાદ રહેતું નથી... કોઈ ભણાવનાર નથી.'* આ બધા બહાનાઓ છે અભ્યાસ ન કરવાના ! મૂળ તો ભણવાની રુચિ નથી, છે તો તીવ્ર નથી, ઉત્સાહ નથી ભણવાનો... એ સચ્ચાઈ છે અભ્યાસ ન કરવાની...

જગતમાં અંધારું છે... એ બહાનું છે...

ઘરમાં દીવો કરો... અંધારું તમને ક્યાં નુકસાન કરશે ?

એમ, **'ધર્મ નથી થઈ શકતો'** એ માટેના કોઈપણ બહાનાઓ કાઢવાના બંધ કરો. અંદર જ્યારે સંવેગ + નિર્વેદની દીવડી પ્રગટશે, ત્યારે એકપણ બહાનું ઉભું નહિ રહે.

ઘણા મુમુક્ષુઓ કહે છે **'દીક્ષા લેવી છે, પણ મા-બાપ ના પાડે છે.'**

ઘણા પરણેલાઓ કહે છે **'નીકળવું છે, પણ જવાબદારી ઘણી છે...'**

લવ કરનારાઓ મા–બાપની પરવા કર્યા વિના ભાગી જાય છે, પણ મુમુક્ષુઓ મા–બાપના બહાના કાઢે છે... આ પણ એક આશ્ચર્ય જ છે ને !

પરણેલાઓને ત્યાં અચાનક પતિ–પત્નીનું મૃત્યુ થાય, તો ઘરની જવાબદારીઓ એની મેળે સેટ થતી જ જાય છે. કોઈના પણ વિના કશું જ અટક્યું નથી...

માટે આત્મન ! એક જ વાત... *સત્ત્વ ફોરવ... તારી તાકાત બહાર લાવ...*

ફરી યાદ કર **'મારે ગુણો મેળવવા જ છે.'** આવો તીવ્રાભિલાષ રૂપી **સંવેગ** છે **દીપક ! 'મારે દોષો ખતમ કરવા જ છે.'** આવો તીવ્રાભિલાષ રૂપી **નિર્વેદ** છે **દીપક !**

આ દીપક જો ઝળહળવા માંડે, તો પછી બહારના કોઈપણ પ્રતિકૂળ આલંબનો તારી સાધનાને રોકી નહિ શકે...

અને હા જીવ !

તું દરેક વખતે તારી જ વાત કરે છે કે 'મારે આ પ્રોબ્લેમ છે, આ પ્રોબ્લેમ છે...' વગેરે, પણ તું માત્ર તારા દુઃખો ઉપર રોવાનું બંધ કર, તું બીજાઓની હાલત તો જો... તને ભાન થશે કે એમના દુઃખો સામે તારું દુઃખ તો કશું જ નથી.

ગઈકાલે એક બહેને કહ્યું કે 'તલાક થયા છે, સસુરાલ પક્ષે કશું આપેલું નથી, એકલી રહું છું. પિયરપક્ષ રાખવા તૈયાર નથી. ૨૨૦૦૦ની જોબ કરું છું, એમાં ૮–૧૦ હજાર ભાડામાં જાય છે... મારે કોઈ બચત નથી, ૩૦,૦૦૦ ની બચત હતી, એ હોસ્પીટલના ખર્ચામાં પૂરી થઈ ગઈ...'

એમણે પછી લક્ષ્મણાની સ્ટોરી સાંભળી, એમણે મને કહ્યું કે 'મ.સા. ! આજે આખો દિવસ Fresh ગયો, મને લાગ્યું કે એના દુઃખની સામે તો મારું કોઈ દુઃખ જ નથી...'

**दुखे दुःखाधिकं पश्य** તને દુઃખ આવે, ત્યારે તારા કરતા વધારે

દુઃખીને તું જો... એના લાભો અનેક છે (૧) તને તારું દુઃખ ઓછું લાગશે... શાંતિ લાગશે. (૨) તને બીજા પ્રત્યે કરુણા જાગશે. (૩) નવા પાપો કરતા ડર લાગશે.

ગીત યાદ આવશે કે **'દુનિયા મેં કિતના ગમ હૈ, મેરા ગમ કિતનાં કમ હૈ । લોગો કા ગમ દેખા, તો મૈં અપના ગમ ભૂલ ગયા...'**

બીજી વાત...

મેં આ બીજો ફકરો મોક્ષની સાધનાને લક્ષમાં રાખીને વર્ણવેલો છે, પણ એ સિવાય પણ તમે એક વાત સમજી જ લો કે સંસારમાં ગમે ત્યારે પણ દુઃખો તો આવવાના જ છે અને દરેક જીવ દુઃખથી ગભરાતો જ રહે છે, ડરે છે... આવા તમામ જીવો માટે પણ આ ઉપદેશ છે કે 'તમે ડરતા નહિ, કાયર બનતા નહિ, તમે આફતો સામે લડજો, મુશ્કેલીઓનો સામનો કરજો. હિમાલયની સામે પણ ટકરાજો...' આમાં મોક્ષ સાધનાની વાત નથી, પરંતુ કોઈપણ કન્ડીશનમાં હિંમત નહિ હારવાની, ઉત્સાહભેર આગળ વધવાની, બીજાનો પણ ઉત્સાહ વધારવાની જ વાત છે.

જ્યાં સુધી સંસારમાં છીએ, ત્યાં સુધી કઠપુતળી છીએ...

જ્યારે કર્મોનો ક્ષય કરશું, મોક્ષ પામશું... અથવા તો કર્મો સામે લડતા રહેશું... ત્યારે આપણે કઠપુતળી નહિ, પરંતુ આઝાદ અથવા તો આઝાદી માટે થનગનતા **ક્રાંતિવીરો !**

અર્હં નમઃ